ખેડબ્રહ્મા નગરપાલિકા દ્વારા વરસાદી પાણીના નિકાલ માટે ગટરની વ્યવસ્થા કરવામાં આવી છે. જે ગટરોની મોટા ભાગની ચેમ્બરોના ઢાંકણ ખુલ્લા મુકવામાં આવેલ છે. જેને લઈ આવી ગટરોમાં અકસ્માતો થતા રહે છે. શનિવારના રોજ સાંજના વાસણા રોડ પર હનુમાનજી મંદિર પાસે આવેલ ગટરની ચેમ્બરમાં એક ગાય પડી ગઈ હતી. જેથી તેના આગળના બંને પગે ભારે ઈજાઓ પહોંચી હતી. જેને લઈ સામાજીક કાર્યકર રમેશ વૈષ્ણવે વિશાલક્ષી સેવા ટ્રસ્ટના સભ્યોને જાણ કરી હતી. સભ્યો દ્વારા ગાયની સારવાર કરવામાં આવી હતી. સ્થાનિકો દ્વારા આવી ગટરોના ઢાંકણ સત્વરે બંધ કરવામાં આવે તેવી માંગ ઉઠી છે. (રમેશ વૈષ્ણવ)

# ઊંઝામાં મધ્યાહ્ન ભોજન યોજનામાં ચાલતી ગેરરીતિ સામે લોકોમાં રોષ

ઊંઝા, તા. ૨૯

ઊંઝા તાલુકામાં ખાડે ગયેલ પુરવઠાતંત્ર અને પ્રાથમિક શાળાઓમાં મધ્યાહ્ન ભોજન યોજનામાં ચાલતી વ્યાપક ગેરરીતિઓ સામે લોકોમાં ભારે રોષ ભભૂકી ઉઠયો છે.

તાલુકાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં પંડિત દિનદયાલ ગ્રાહક ભંડારના નામે રેશનિંગની દુકાનો આવેલ છે. આ દુકાનો પૈકી કેટલીક રેશનિંગની દુકાનોને મોડેલ શોપ બનાવાયેલ છે જેનો કોઈ અર્થ રહ્યો નથી. આ દુકાનો પૈકી દુકાનોના સંચાલકો કેરોસીન, ખાંડ, ચોખા, ઘઉંનો લોટ બારોબાર સગેવગે કરી તગડી કમાણી કરી રહ્યા હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. રેશનિંગની દુકાનોમાં ગરીબી રેખા હેઠળ જીવન જીવતા ગરીબ માણસો માટે તેમજ અન્ય કાર્ડ ધારકોને નિયત મુજબ જે કંઈ ચીજવસ્તુનું વિતરણ કરવાનું હોય છે તે જથ્થામાંથી કેટલોક જથ્થો કાળા બજારમાં ધકેલાઈ રહ્યો છે. આમ સરકારી પુરવઠા અધિકારીઓના પાપે ગરીબ લોકોને સરકારની યોજના અંતર્ગત જે લાભ મળવો જોઈએ તે મળતો નથી તેવી ફરિયાદો ઉઠવા પામી છે.

# ઉત્તર ગુજરાતમાં તીવ્ર ઠંડીથી જનજીવન પર માઠી અસર

ઊંઝા, તા. ૨૯

ઉત્તર ભારતમાં હિમવર્ષા થતાં ઉત્તર ગુજરાતમાં છેલ્લા ત્રણ - ચાર દિવસથી હાડ થિજવતી તીવ્ર કાંતિલ ઠંડી પડી રહી હોવાથી જનજીવન પર માઠી અસર પડી છે. હાલ સમગ્ર વાતાવરણ ઠંડુગાર બની ઠંડીથી બચવા માટે લોકો ગરમ વસ્ત્રો પહેરે છે. શિયાળાની કડકડતી ઠંડીમાં કેટલાય લોકો તંદુરસ્તી માટે વહેલી પરોઢના સમયે મોર્નિંગ વોક માટે નીકળી શરીરને મજબુત બનાવવાના પ્રયત્નો કરે છે. આ સાથે યોગ પ્રાણાયામ અને અન્ય કસરતો પણ કરીને શરીરને સાચવવાના ઉપાયો કરી રહ્યા છે. કાતિલ ઠંડીથી બચવા માનવ શક્ય તેટલા પ્રયાસો કરે છે. પરંતુ તીવ્ર ઠંડીમાં પશુ-પંખીઓની હાલત કફોડી બની છે.

# દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ વી.વી.આઈ.પી અને વી.આઈ.પી. કલ્ચરના રાજકારણીઓ માટે લાલબત્તી છે...!

૧૯૮૦માં જનસંઘમાંથી ભાજપનો ઉદય થયો. ભાજપ વર્તમાનમાં આગામી ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીમાં વિજયી થઈ સરકાર બનાવશે તેવું વાતાવરણ સર્જાઈ રહ્યું છે ત્યારે એક અરવિંદની ઝડપી આમ આદમીને જોડતી ક્રાંતિકારી છતાં સીધી સાદી રાજનીતિ દ્વારા ઉઠાવાતા તત્કાળ પગલાં સમગ્ર દેશમાં ભારે પ્રત્યાઘાત પાડી રહ્યાં છે. કોંગ્રેસે તો લગભગ ૨૦૧૪ મિશનની ખોટી નીતિઓથી હારાકીરી આત્મહત્યા જ કરી નાંખી છે. જ્યારે એક અરવિંદની પાર્ટીનો ઝળહળતો ઉદય ભાજપ માટે પડકારરૂપ બનવાની સંભાવનાને પ્રવેગ આપી રહ્યો છે. આગામી ચૂંટણીમાં તેના ઘેરા પ્રત્યાઘાત પડ્યા વિના રહેશે નહીં.




ભાજપનું પ્રતીક છે કમળ. કમળ કાદવમાં ખીલીને નિર્લેપ રહે છે. કમળ રાષ્ટ્રીય પુષ્પ ગણાય છે. દુઃખની વાત એ છે કે ભાજપનાં કમળ પર યેદુરપ્પા, પૂર્વ પ્રમુખ ગડકરી ત્ાથા બોખારીયા જેવા કીચડના છાંટા ઉડેલા છે ! કમળનો પર્યાયવાદી સબ્દ છે અરવિંદ. કમળ એટલે અરવિંદ અને અરવિંદ એટલે કમળ ! હરિયાણાના હિસાર ગામના ૧૬-૮-૧૯૬૮માં જન્મેલા અરવિંદ કેજરીવાલ નિર્લેપ કમળ છે. નિષ્કલંક અને ક્રાંતિકારી છે. તરત દાન અને મહાપુણ્યમાં માનનારા દિલ્હીના મુખ્યમંત્રી બનેલા અરવિંદમાં તા. ૧૫-૮-૧૮૭૨માં જન્મેલા ક્રાંતિકારી મા ભારતીના સ્વાતંત્ર્યસંગ્રામના લડવૈયા શ્રી અરવિંદ ઘોષના કલ્યાણકારી વિચારો પ્રતિબિંબિત થાય છે.

આજે તા. ૨૮-૧૨-૨૦૧૩ શનિવારે ૧૨થી એકની વચ્ચે જાહેરમાં રામલીલા મેદાનમાં અરવિંદે સાદાઈથી મુખ્યમંત્રીના શપથ લીધા અને ફટાફટ પોતાના

વિચારોનો અમલ શરૂ કરી દીધો.

શ્રી અરવિંદના કેટલાક ધ્યાનાકર્ષક પગલાં જુઓ...

- શ્રી અરવિંદ કોસાંબીથી મેટ્રો ટ્રેનમાં પ્રવાસ કરીને શપથવિધિ લેવા પહોંચી ગયા.
- જનતા જનાર્દન માટે ભ્રષ્ટાચાર વિરોધી એક ખાસ ફોન નંબર બે દિવસમાં ઉપલબ્ધ કરાવવાની જાહેરાત કરી.
- લાબત્તી, પીળીબત્તી, બ્લ્યુ બત્તીના ઉપયોગ પર પ્રતિબંધ મૂકી દીધો.
- સચિવાલયમાંથી સુરક્ષાકર્મીઓને રવાના કરી દીધા.
- કેબિનેટ મંત્રીઓને ખાતા સોંપી દીધા.
- વીજળી, મહેસૂલ, જળવ્યવસ્થાના ખાતાં પોતાની પાસે રાખ્યા.
- શપથવિધિ પછી તરત જ શીઘ્ર પગલાં ભરવાની શરૂઆત કરી દીધી.
- વિશ્વાસનો મત અઠવાડિયા પછી વિધાનસભામાં લેવાનો છે તેમાં સરકાર બચે કે જાય તેમને કોઈ પરવા નથી !
- આગામી સાત દિવસોમાં આ 'નાયક' અરવિંદ એક મુખ્યમંત્રી શું ન કરી શકે એ દર્શાવવા યુદ્ધનાં ધોરણે કામે લાગી ગયા છે. શ્રી અરવિંદને હાર્દિક શુભકામના...!

'Impossible word is found in fool's' dictionary...!' નેપોલિયનનું આ વાક્ય શ્રી અરવિંદનો ગુરુમંત્ર લાગે છે. વી.વી.આઈ.પી., વી.આઈ., રાજકારણીઓ માટે અરવિંદ લાલબત્તી છે.

# ભારતીય કિસાન સંઘ દ્વારા જિલ્લા કક્ષાનો અભ્યાસ વર્ગ યોજાશે

લક્ષ્મીપુરા, તા. ૨૯

ભારતીય કિસાન સંઘ ગુજરાત પ્રદેશ દ્વારા આજે તા. ૩૦ અને ૩૧ ડિસેમ્બર ૨૦૧૩ના રોજ ખેડબ્રહ્મા તાલુકાના વરતોલ ચામુંડા માતા મંદિર ખાતે સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના કાર્યકર્તાઓના ઘડતર અને સંગઠન મજબૂત બનાવવા અભ્યાસ વર્ગનું આયોજન કરવામાં આવ્યું છે.

ભારતીય કિસાન સંઘ ગુજરાત પ્રદેશ દ્વારા રાજયભરમાં તમામ જિલ્લાઓમાં સંગઠનની કામગીરી તેમજ સજીવ ખેતી તેમજ વિવિધ રચનાત્મક કામગીરી કાર્યકર્તાઓનું ઘડતર માટેના કાર્યક્રમનું આયોજન કરાયું છે. સંગઠનને મજબુત બનાવવા સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના કાર્યકર્તાઓ માટે ૩૦-૩૧ ડિસેમ્બર-૧૩ના રોજ ખેડબ્રહ્મા ખાતે તાલિમ વર્ગ યોજાશે. રાજસ્થાનના પ્રાંત મંત્રી બદ્રીનારાયણ ચૌધરી, ગુજરાત પ્રાંતના અધ્યક્ષ મગનભાઈ પટેલ ઉપસ્થિત રહી માર્ગદર્શન આપશે. કાર્યક્રમને સફળ બનાવવા માટે ખેડબ્રહ્મા તાલુકાના પ્રમુખ વકતાભાઈ પટેલ તથા દિનેશભાઈ પટેલ અને તેની ટીમ પ્રયત્ન કરી રહી છે.

## રાઘીવાડ પ્રાથમિક શાળાનું ગૌરવ

ગુજરાત રાજયના ખેલ મહાકુંભ ૨૦૧૩ની સ્પર્ધાઓમાં રાઘીવાડ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ યોગ અને વ્યકિતગત ઈવેન્ટમાં ઉત્કૃષ્ટ દેખાવ કરી શાળાનું ગૌરવ વધાર્યું છે. જેમાં યોગની વ્યકિતગત રમતમાં અંડર-૧૬માં રહેવર સાવનસિંહ શિવસિંહે રાજયમાં તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું છે. ખેર હરપાલસિંહ પ્રતાપસિંહે વ્યકિતગત ઈવેન્ટમાં મોરચાલમાં રાજયમાં ચતુર્થ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. શાળાના બે વિદ્યાર્થીઓએ રાજયકક્ષાએ રાઘીવાડ ગામ તથા શાળાનું ગૌરવ વધારવા બદલ યોગ કોચ મનહરસિંહ ખેર રાઘીવાડ સી.આર.સી., શાળા પરિવારે બિરદાવ્યા હતાં.

પાલનપુર નજીક આવેલા વિરપુર આશ્રમ ખાતે આજરોજ ક્ષત્રિય ઠાકોર યુવા વિકાસ એજ્યુકેશન ટ્રસ્ટ પાલનપુર દ્વારા પાલનપુર અને વડગામ તાલુકાના તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન સમારંભ યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં સમાજના અગ્રણીઓ જોડાયા હતા અને સમાજના વિદ્યાર્થીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કર્યા હતા. (તસવીર : હરેશ જોષી)

# શ્રીમદ્ ભાગવત માણસને મરતાં શીખવાડે છે : ભાગવતાચાર્ય ભરતભાઈ જોષી

## ખેડબ્રહ્મામાં ચાલતી ભાગવત કથામાં કૃષ્ણજન્મોત્સવ ધામધુમથી ઉજવાયો : શ્રોતાઓ પર ચોકલેટનો વરસાદ

ખેડબ્રહ્મા, તા. ૨૯

ખેડબ્રહ્માના શ્રી અંબિકા માતાજી મંદિર સંકુલમાં શ્રી ઔદિચ્ય સહસ્ત્ર - ચોખડા બ્રાહ્મણ જ્ઞાતિ સમાજ દ્વારા પિતૃઓના મોક્ષાર્થે તથા આત્મ કલ્યાણ અર્થે ૧૦૮ પોથી શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞમાં વ્યાસપીઠ વક્તા ભાગવતાચાર્ય ભરતભાઈ જોષીની દિવ્ય વાણી સાંભળવા શ્રોતાઓની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે.

શનિવારના રોજ કથા દરમિયાન રામ અને વામન પ્રાગટ્ય તથા કૃષ્ણ પ્રાગટ્યનો ઉત્સવ ધામધુમથી ઉજવવામાં આવ્યો હતો. કથાના મુખ્ય યજમાનો દ્વારા

શ્રોતાઓ પર ચોકલેટનો વરસાદ થયો તેટલી ચોકલેટ ઉજાણી હતી.

શનિવારની કથામાં વક્તા ભરતભાઈ જોષીએ કહ્યું હતું કે રામાયાણનાં બાર પાત્રો રાજા દશરથ તેમની ત્રણ રાણીઓ તેમના ચાર પુત્રો રામ-લક્ષ્મણ, ભરત, શત્રુઘ્ન તથા તેમની ચાર પૂત્રવધુઓ સીતા, માંડલી, ઉર્મીલા અને શ્રતિકીર્તી માણસને કંઈ રીતે જીવવું તે શીખવે છે. મહાભારત માણસે શું ન કરવું તે શીખવાડે છે. જ્યારે શ્રીમદ્ ભાગવત મામસને મરતાં શીખવાડે છે. કથાના ચોથા દિવસે નારગઢના મહામંડલેશ્વર ૧૦૦૮ નરસિંહદાસજી મહારાજ ખાસ ઉપસ્થિત રહી શ્રોતાઓને આશીર્વચન આપ્યા હતા. સમાજ જ્ઞાતિના પ્રમુખ રવીન્દ્રભાઈ ચુનીલાલ ઠાકરે નરસિંહદાસજીનું ફુલહાર તથા શાલથી સન્માન કર્યું હતું. રવિવારની કથામાં ગોવર્ધન ઉત્સવ તથા સોમવારની કથામાં રૂક્ષમણી વિવાહ ઉત્સવ વેશભૂષા સાથે ઉજવવામાં આવશે.

પાલનપુરના કાણોદરમાં મહોરમના ૪૦ દિવસના શોક પૂર્ણ થતાં પૂર્વ કેન્દ્રીય ગૃહ મંત્રી બુટાસિંહ આજે કાણોદર ખાતે આવી પહોંચ્યા હતા અને દર્શન કરી દુઆ માંગી હતી. બાદમાં તેઓએ આમ આદમી પાર્ટીના સુપ્રિમો અને દિલ્હીના મુખ્યપ્રધાન અરવિંદ કેજરીવાલ પર પ્રહારો કર્યા હતા. (તસવીર : હરેશ જોષી)

# સાબરકાંઠા વાલ્મીકી સમાજની મહારેલી યોજાશે

પ્રાંતિજ, તા. ૨૯

સાબરકાંઠા જિલ્લાના વાલ્મીકી સમાજના વિવિધ પ્રાણ પ્રશ્નો સંદર્ભે હિંમતનગર ખાતે સમાજ દ્વારા મહારેલીનું આયોજન કરવામાં આવ્યું છે. સાબરકાંઠા જિલ્લાના વાલ્મીકી સમાજના એક બિનરાજકીય સંગઠન મારફતે આગામી તા. ૯મી જાન્યુઆરી ૨૦૧૩ના રોજ સમાજના આગેવાનોની હાજરીમાં સાબરકાંઠાના હિંમતનગર ખાતે એક મહારેલી યોજાશે અને રેલી યોજી સમાજના પ્રાણ પ્રશ્નો સંદર્ભે કલેકટરને આવેદનપત્ર આપવામાં આવશે તેમ વાલ્મીકી સમાજના આગેવાન આર. કે. ચૌહાણએ જણાવ્યું હતું.

# પ્રાંતિજના મેલડી માતા મંદિરે હવન યોજાયો

પ્રાંતિજ, તા. ૨૯

પ્રાંતિજના અતિ પૌરાણિક મેલડી માતાના મંદિર પરિસર ખાતે ફુલ જોગણી માતાના હવનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં ભાવિકોએ હાજર રહી ધાર્મિક પર્વનો લાભ લીધો હતો. સાબરકાંઠાના પ્રાંતિજ ખાતે મેલડી માતાનું અતિ પૌરાણિક મંદિર આવેલું છે. જ્યાં અમેરિકા સ્થિત માઈભક્ત દ્વારા માગશર વદ બારસને રવિવારના રોજ માતાજીનો હવન યોજાયો હતો. આ હવનમાં મોટી સંખ્યામાં માઈભક્તો ઉમટી પડ્યા હતા અને દર્શન, મહાઆરતી તેમજ મહાપ્રસાદનો લાભ લીધો હતો. આ પ્રસંગે જયમાડી પંકજભાઈ રાવલ ઉકળતા તેલના તવામાંથી પુરીઓ કાઢી માતાજીને પ્રસાદ ધરાવ્યો હતો.

# ખેડબ્રહ્મા કોલેજમાં બ્યુટીશિયન કોર્ષની તાલીમ યોજાઈ

ખેડબ્રહ્મા, તા. ૨૯

ખેડબ્રહ્માની ડી.ડી. ઠાકર આર્ટસ એન્ડ કે.જે. પટેલ કોમર્સ કોલેજમાં વિમેન સેલ દ્વારા સ્કીલ બેઈઝડ ડેવલોપમેન્ટ કાર્યક્રમ અંતર્ગત બ્યુટીશિયન તાલીમ કોર્ષનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ તાલીમ કોર્ષમાં દામીનીબેન જોષી અને કાજલબેન ના પ્રશિક્ષણ હેઠળ કોલેજની ૪૩ વિદ્યાર્થી-નીઓએ બ્યુટીશિયન કોર્ષને લગતી વિવિધ પ્રવૃત્તિઓની સઘન તાલીમ મેળવી હતી. આ કોર્ષથી કોલેજની તાલીમાર્થી વિદ્યાર્થીનીઓ સ્વબળે રોજગારી મેળવી શકશે. કોર્ષના મુખ્ય સંચાલક તરીકે મેઘા સોનીએ સેવાઓ આપી હતી. કોર્ષના સમાપનમાં આચાર્ય એમ.ડી. પટેલ અને વિમેન સેલના કન્વીનર શ્રૃતિ કિકાણી ઉપસ્થિત રહ્યા હતાં.

# ભિલોડાની પરણિતાને શારીરિક માનસિક ત્રાસ આપતા સાસરીયા વિરૂધ્ધ પોલીસ ફરિયાદ

ભિલોડા, તા. ૨૯

અરવલ્લી જિલ્લાના ભિલોડાની પરણિતાને શારીરિક અને માનસિક ત્રાસ ગુજારી ગડદાપાટુનો માર મારી દહેજની માંગણી કરતા પરણિતાએ ભિલોડા પોલીસ સ્ટેશનમાં સાસરિયા વિરુધ્ધ ફરિયાદ નોંધાવતા ચકચાર મચી જવા પામી હતી.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર ભિલોડાના રહેવાસી જનક પટેલ, પ્રવિણ પટેલ, કૈલાસબેન પટેલ દ્વારા હિરલબેન જનકભાઈ પટેલ પર શારીરિક અને માનસિક ત્રાસ ગુજારી ગડદાપાટુનો માર મારી મહેણા ટોણા મારતા હતા. હિરલબેન પટેલના પતિ જનકકુમાર પટેલ તેની પત્ની પાસે દહેજની પણ માંગણી કરતા હતા જેના કારણે હિરલબેન જનકભાઈ પટેલ તેમના દોઢ વર્ષના લગ્નજીવન દરમિયાન સાસરીયા અને પતિના ત્રાસના કારણે હેરાન પેશાન થઈ ગઈ હતી. આથી પરણિતાએ સાસરીયા વિરૂધ્ધ ભિલોડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા ભિલોડા પોલીસે પ્રવિણ પટેલ (સસરા), કૈલાસબેન પ્રવિણ પટેલ (સાસુ) તેમજ જનક પટેલ (પતિ) વિરૂધ્ધ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

(તસવીર : પ્રવિણ પટેલ, દાંતીવાડા)

દાંતીવાડા-કોલોની માં આવેલા આનંદ નગર ખાતે ગઈ કાલે સમસ્ત ભ્રમસમાજ પરસુરામ પરિવારનું સંમેલન યોજાયું હતું. જે દરમિયાન મોટી સંખ્યામાં ભૂદેવોએ હાજરી આપી -સંગને સોભાવ્યો હતો. દાંતીવાડા-કોલોની માં આવેલ આનંદ નગર સોસાયટી માં ગઈકાલે રોજ ૧૦ વાગ્યાના સમય દરમિયાન સંમેલન યોજાયું હતું , મોટી સંખ્યામાં ભૂદેવો જોવા મળ્યા હતા , કાર્યક્રમ અનુસંધાને જીલ્લા પંચાયત -મુખ રાજુભાઈ જોસી , રાજેન્દ્ર જોસી , ઉદ્યોગ સેલના કન્વીનર કનુભાઈ વ્યાસ , જીલ્લા પરસુરામ પરિવાર -મુખ ડામરાજી રાજગોર , જીલ્લા પંચાયત બાંધકામ સમિતિ -મુખ હરગોવન ભાઈ શીર્વાડીયા , સરપંચ ગેનાજી ગોલીયા રમેશભાઈ જોસી , સરપંચ રમેશભાઈ ઘાડિયા , ડીસા ભ્રમ સમાજ પૂર્વ -મુખ કનુભાઈ જોસી , સમસ્ત ભ્રમસમાજ -મુખ ભવરલાલ પુરોહિત , જીલ્લા ભ્રમસમાજ મહામંત્રી જેન્તીભાઈ જોસી હાજર રઝા હતા.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ
AGL Radhe
TILES WORLD ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામમ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

# ખેડવામાં ઝૂંપડુ બનાવવાના ઝઘડા અંગે ફરીયાદ

ખેડબ્રહ્મા, તા. ૨૯

ખેડબ્રહ્મા તાલુકાના ખેડવા ગામમાં ખેતરમાં ઝૂપડું બનાવતા ઈસમને લાકડી, છુટા પથ્થર મારી ગડદાપાટુનો માર મારી ઈજા પહોંચાડવાના બનાવ સંદર્ભે ત્રણ ઈસમો વિરુદ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવા પામી છે.

ખેડવા ગામના સાંકળાભપાઈ ડુટાભાઈ દામા શુકવારની રાત્રે નવ વાગ્યાના સુમારે ખોલડુ (ઝૂપડું) બનાવતા હતા. દરમિયાન ખેડવા ગામના જ પુનાભાઈ લાલુભાઈ દામા, બાબુભાઈ દબાભાઈ દામા તથા સદાભાઈ લાલુભાઈ દામા ત્યાં આવ્યા હતા અને ખોલડું કેમ બનાવે છે તેમ કહી ઉશ્કેરાઈ ગયા હતા અને બિભત્સ શબ્દો બોલી ખુનાભાઈ દામાએ સાંકળાભાઈ દામાના ડાબા હાથની કોણીએ તથા શરીરના અન્ય ભાગે લાકડી વડે તથા બાબુભાઈ અને સદાભાઈએ છુટા પથ્થર મારી - ગડદાપાટુનો માર મારી ઈજો પહોંચાડી હતી. આ અંગે સાંકળાભાઈ દામાએ શનિવારે ખુનાભાઈ દામા, બાબુભાઈ દામા તથા સદાભાઈ દામા વિરુદ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી વધુ તપાસ એ.એસ.આઈ. રામભાઈ ચલાવી રહ્યા છે.